### એસી કેબિનોમાં આરામ ફરમાવતાં નેતા-અધિકારીઓ સત્યને સમજે

# કોર્પોરેશન નજીક ખંડેરાવ માર્કેટ પાસે દબાણોનો ખડકલો,ટ્રાફિકમાં ફસાયું ફાયર બ્રિગેડનું ટેન્કર

### સાયરન વાગતા રહ્યા પણ રસ્તો ન મળ્યો,ઈમર્જન્સી વાહનો માટે માર્ગ બન્યો મુશ્કેલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરા શહેરના ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણોને કારણે ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. આજે ફાયર બ્રિગેડનું ટેન્કર પણ દબાણો અને બેફામ પાર્કિંગના કારણે ટ્રાફિકમાં ફસાયું હતું. સાયરન રણકતા રહ્યા છતાં ટેન્કરને નિકળવા માટે ભારે મુશ્કેલી વેઠવી પડી હતી.

વડોદરા મહાનગર પાલિકાની દબાણ શાખા અને ટ્રાફિક પોલીસ દ્વારા સમયાંતરે ટ્રાફિકને અવરોધરૂપ દબાણો હટાવવાની કામગીરી થાય છે. પરંતુ, કાર્યવાહી બાદ ફરી પરિસ્થિતિ યથાવત થઈ જાય છે. આડેધડ વાહન પાર્કિંગ અને ગેરકાયદેસર લારી પથારાના દબાણોના કારણે રોજિંદા વાહનચાલકોની સાથે ઈમર્જન્સી વાહનો પણ ટ્રાફિકમાં ફસાઈ રહ્યા છે. ખંડેરાવ માર્કેટ વિસ્તારમાંથી અગાઉ ઘણી વખત નડતરરૂપ દબાણો હટાવવામાં આવ્યા હતા છતાં આજે પણ લોકોને આ માર્ગ પરથી પસાર થવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓએ કાયમી ઉકેલ લાવવા અને ઈમર્જન્સી વાહનો માટે અવરોધમુક્ત માર્ગ સુનિશ્ચિત કરવા તંત્ર પાસે કડક કાર્યવાહીની માંગ કરી છે.



### વડોદરામાં અસામાજિક તત્વો બેફામ

# તુલસીવાડી શાકમાર્કેટમાં લાકડી અને પાઈપો લઈને ફરતા તત્વોનો આતંક



(પ્રતિનિધિ), વડોદરા. તા.22

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલા તુલસીવાડી શાકમાર્કેટમાં અસામાજિક તત્વોએ જાહેરમાં આતંક મચાવ્યાની ઘટના સામે આવી છે. સાંજના સમયે ભરચક બજારમાં બે જૂથ વચ્ચે લોખંડની પાઈપો અને લાકડાના ફટકાઓ સાથે મારામારી થતાં લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસ તંત્ર દોડતું થયું છે. મળતી માહિતી મુજબ, કોઈ જૂની અદાવતને લઈને બંને જૂથ આમને-સામને આવી ગયા હતા. ત્યારબાદ જાહેર માર્ગ પર જ ફટકાબાજી શરૂ થતાં મહિલાઓ, બાળકો અને વેપારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાસ્થળે હાજર એક વ્યક્તિએ સમગ્ર દ્રશ્યો મોબાઈલમાં કેદ કર્યા હતા. વીડિયોમાં અસામાજિક તત્વો ખુલ્લેઆમ હથિયારો લહેરાવતા જોવા મળે છે. ઘટના અંગે જાણ થતાં નવા ચૂંટાયેલા કોર્પોરેટર આદિત્ય પટેલ અને સચિન ખંડેલવાલ કુંભારવાડા પોલીસ મથક પહોંચ્યા હતા. તેમણે PI સાથે ચર્ચા કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. CCTV ફૂટેજ પણ પોલીસને સોંપાયા હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક વેપારીઓ અને રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ સતત વધી રહ્યો છે. વાયરલ વીડિયોના આધારે ગુનો નોંધી ઓળખ અને અટકાયતની કાર્યવાહી શરૂ કરી છે.

### ગુજરાત વિદ્યુત ટેક્નિકલ કર્મચારી મંડળ દ્વારા રજૂઆત

# ટેકનિકલ લાઈન સ્ટાફની સુરક્ષા અને પડતર પ્રશ્નો ઉકેલવા માગણી કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

ગુજરાત વિદ્યુત ટેક્નિકલ કર્મચારી મંડળ દ્વારા ટેક્નિકલ લાઈન સ્ટાફના પડતર પ્રશ્નોને લઈને કાર્યકારી પ્રમુખને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ચોમાસાની ઋતુ નજીક હોવાથી કર્મચારીઓની સુરક્ષા અને સુવિધાને પ્રાથમિકતા આપી તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી હતી. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડની વડોદરા સ્થિત કોર્પોરેટ ઓફિસ ખાતે મંડળના પ્રતિનિધિઓએ રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે ટેક્નિકલ લાઈન સ્ટાફને છેલ્લા બે વર્ષથી જરૂરી ટૂલ્સ-ટેકલ આપવામાં આવ્યા નથી. હેલ્મેટ, ટૂલ્સ બેગ, સેફ્ટી બેલ્ટ, રબર હેન્ડ ગ્લોઝ અને સેફ્ટી શૂઝ જેવી સુરક્ષા સામગ્રી તાત્કાલિક ઉપલબ્ધ કરાવવાની માંગ કરવામાં આવી છે. હાલ ચોમાસું નજીક હોવાથી લાઈન મેઈન્ટેનન્સની કામગીરી લાઈન સ્ટાફ પાસે જ કરાવવી જોઈએ અને તેમને બિલ વિતરણ જેવી અન્ય કામગીરીમાં ન લગાડવા રજૂઆત કરાઈ હતી. મંડળે વધુમાં જણાવ્યું હતું કે બોરસદ અને પેટલાદ વિભાગીય કચેરીઓમાં કર્મચારીઓના ટીએ બિલ સમયસર પાસ થતા નથી, જેના કારણે હેરાનગતિ થાય છે. સબ ડિવિઝન લેવલે યોજાતી સેફ્ટી મીટીંગમાં ચા-



નાસ્તાની વ્યવસ્થા કરવા તેમજ અતિશય ગરમીમાં કર્મચારીઓને સારી ટોપી, પાણીની બોટલ અને ORS પેકેટ આપવા પણ માંગ કરવામાં આવી હતી. મંડળના સેક્રેટરી જનરલ રાજેન્દ્રકુમાર આર. ખત્રીએ જણાવ્યું કે ફીલ્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રશ્નોને ધ્યાનમાં રાખી રજૂઆત કરવામાં આવી છે. સાથે જ એમજીવીસીએલના નવા મેનેજિંગ ડિરેક્ટર શિવાની ગોયલ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં ટેક્નિકલ કર્મચારીઓની જોખમી કામગીરી અને મુશ્કેલીઓ અંગે વિગતવાર ચર્ચા કરી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી.

### ગુજસીટોક સહીત બે ગુનામાં ફરાર હતો

# લિકરકિંગ લાલુ સિંધી ૪ જૂન સુધી પોલીસ રિમાન્ડ પર

(પ્રતિનિધિ), વડોદરા. તા.22

કુખ્યાત બુટલેગર લાલો સિંધીની ગુજસીટોક સહિતના ગુનાના ધરપકડ કરાઈ હતી. પોલીસે તેની વધુ પૂછપરછ કરવા માટે કોર્ટમાં રજૂ કરીને 30 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી ત્યારે કોર્ટે 14 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. વડોદરા શહેરના નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના



ગુનામાં તેમજ જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડાયેલા કરોડોની કિંમતના વિદેશી દારૂના જથ્થાના ગુનામાં પ્રોહી બુટલેગર લાલચંદ ઉર્ફે લાલુ સિંધી હેમનદાસ ખાનાની સંડોવાયેલો હતો. બંને ગુનામાં ધરપકડ ટાળવા માટે આરોપી ફરાર થઈ નાસતો ફરતો હતો. આ ફરાર આરોપીને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે સતત તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળેલી માહિતીના આધારે ટીમ મોડાસા પહોચી હતી. ત્યારબાદ લાલચંદ ઉર્ફે લાલુ સિંધી તેની કિયા સેલ્ટોસ કારમાં શહેરાથી મોડાસા રોડ પર માલપુર તરફથી પસાર થવાનો હતો. માહિતી મળતા જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ માલપુર ખાતે પહોંચી રોડ પર ખાનગી રીતે વોચમાં ગોઠવાઈ હતી. વોચ દરમિયાન માહિતી મુજબની કાર પસાર થતી દેખાતા પોલીસે કારને અટકાવી તપાસ કરતા કારમાંથી લાલચંદ ઉર્ફે લાલુ સિંધી હેમનદાસ ખાનાની (રહે. રોયલ હાઈટ્સ, ધોબી તળાવ પાસે, વારશિયા, વડોદરા) ને ઝડપી પાડ્યો હતો.

### વડોદરામાં 'ખાખી'નો ખોફ ઓગળ્યો ?

# ફતેગંજ સેવન સીઝ મોલ પાસે ફિલ્મી ઢબે લાકડીઓ- દંડાઓ વડે મારામારી

(પ્રતિનિધિ), વડોદરા. તા.22

વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી અસામાજિક તત્વો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના પોશ અને હરહંમેશ ટ્રાફિકથી ધમધમતા ફતેગંજ વિસ્તારમાં આવેલા સેવન સીઝ મોલ પાસે જાહેર રસ્તા પર જ બે જૂથો વચ્ચે મારામારી થઈ હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. રસ્તા વચ્ચે લોકોની હાજરીમાં અસામાજિક તત્વોએ પોલીસના ખોફ વગર એકબીજા પર લાકડીઓ અને દંડા વડે હિચકારો હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો.

આ ઘટના ને લઈ ને વડોદરા પોલીસની કામગીરી અને



કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા થયા છે. મળતી માહિતી મુજબ, ફતેગંજ સેવન સીઝ મોલની બહાર અચાનક જ કોઈ બાબતે બે જૂથના ટોળાઓ સામસામે આવી ગયા હતા. સામાન્ય બોલાચાલી જોતજોતામાં હિંસક સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હતી. ઉશ્કેરાયેલા શખ્સો કાયદાનો સરેઆમ ભંગ કરીને લાકડીઓ અને દંડા લઈ એકબીજા પર તૂટી પડ્યા હતા. લોકોની માંગ છે કે CCTV ફૂટેજ ચેક કરીને આવા અસામાજિક તત્વો વિરુદ્ધમાં કડકમાં કડક કાર્યવાહી કરીને દાખલો બેસે એ રીતે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

દિવસે ને દિવસે શહેરમાં વધી રહેલા મારામારીના બનાવો એ ચિંતા વધારી છે. હવે જોવાનું એ રહે છે કે વડોદરા પોલીસ આ ગુનેગારો સામે કેવા પગલાં ભરે છે અને શહેરમાં શાંતિ તેમજ કાયદાનું શાસન પુનઃ સ્થાપિત કરવા માટે કેટલી સખ્તાઈ દાખવે છે.

### ચોમાસામાં પૂરના જોખમ સામે તંત્ર સજ્જ

# આજવા સરોવરના ૬૨ દરવાજાનું સમારકામ શરૂ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરા શહેરની જીવાદોરી સમાન ઐતિહાસિક આજવા સરોવરના મુખ્ય 62 દરવાજાઓની પ્રી-મોન્સૂન મેઈન્ટેનન્સ કામગીરી વડોદરા મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે. ચોમાસા પહેલાં પૂર નિયંત્રણ અને સરોવરની સુરક્ષા સુનિશ્ચિત કરવા દર વર્ષે આ કામગીરી હાથ ધરવામાં આવે છે. ગાયકવાડી શાસનકાળની ઈજનેરી કળા ધરાવતા દરવાજાઓ સરળતાથી ઓપરેટ થઈ શકે તે માટે લેવલિંગ, ગેટ સેટિંગ, ગ્રીસિંગ અને ઓઈલિંગ કરવામાં આવી રહ્યું છે. લાંબા સમય સુધી પાણીમાં રહેતા લોખંડના ગેટ, સાંકળો અને પુલીને કાટ ન લાગે તે માટે ખાસ કલર કામ તથા ગ્રેફાઈટ પાવડરનું કોટિંગ પણ કરવામાં આવી રહ્યું છે. ચોમાસા દરમિયાન ઉપરવાસમાં ભારે વરસાદ થતાં સરોવરની સપાટી વધે ત્યારે આ 62 દરવાજાઓ મારફતે વધારાનું પાણી છોડવામાં આવે છે, જે



વિશ્વામિત્રી નદીમાં જાય છે. દરવાજાઓ સમયસર ન ખૂલે તો પૂરનું જોખમ ઊભું થઈ શકે છે. આથી આજવા ઉપરાંત પ્રતાપપુરા, ઉજેટી અને જોડિયાના ગેટનું પણ વાર્ષિક મેઈન્ટેનન્સ શરૂ કરાયું છે.

# ગોત્રી વિસ્તારમાં પરીણીતા પર ત્રાસ ગુજારતા સાસરીયા

વડોદરાઃ વડોદરા શહેરના ગોત્રી પોલીસ સ્ટેશનમાં પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાના મામલે પતિ સહિત ત્રણ સાસરીયાઓ સામે ગુનો નોંધાતા ચકચાર મચી છે. પ્રાપ્ત માહિતી મુજબ મૂળ તલસટ કલાલી અને હાલમાં વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા કૃપાબેન અર્જુનભાઈ ચંદ્રભાઈ ઠાકોરને પતિ અર્જુનભાઈ ચંદ્રભાઈ ઠાકોર, માસા સસરા શાંતીલાલ હરીભાઈ ઠાકોર અને માસી સાસુ જયાબેન શાંતીલાલ ઠાકોર છેલ્લા નવ વર્ષથી ઘરકામ તથા ફી ભરવા જેવી બાબતોને લઈ વારંવાર ઝઘડા કરી ગંદી ગાળો આપી અને સમાજમાં બેઈજ્જત કરતા હોવાના આક્ષેપ કરાયા છે. પતિ અર્જુનભાઈ અન્ય સ્ત્રી સાથે વાતચીત કરતા હોવા અંગે પૂછપરછ કરતાં તેમની સાથે બોલાચાલી કરી મારઝૂડ કરવામાં આવી હતી તેમજ સતત શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

### નર્મદા કિનારે ભોજન-નિવાસ, ગૌશાળા અને શિવ મંદિર બનાવવાનું સપનું રોળાયુ

# NRI સાથે દલાલ પિતા અને એડવોકેટ પુત્રે રૂ.૯૯ લાખની ઠગાઈ કર્યાનો આક્ષેપ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

અમેરિકામાં સ્થાયી અને મૂળ નવસારીના રહેવાસી NRI રાકેશ અરવિંદભાઈ નાઈકએ નર્મદા પરિક્રમા યાત્રીઓ માટે નિઃશુલ્ક ભોજન, નિવાસ, ગૌશાળા, શિવ મંદિર અને વૃદ્ધાશ્રમ બનાવવા કરજણ તાલુકામાં જમીન ખરીદવાનો સંકલ્પ કર્યો હતો. જોકે જમીન સોદાના બહાને વડોદરાના એડવોકેટ અભિષેક દિક્ષિત અને મનીષ દિક્ષિત દ્વારા રૂ.99 લાખથી વધુની ઉચાપત, ખોટી વસૂલી અને ધમકી આપવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. હાલ ભાયલી વિસ્તારમાં રહેતા રાકેશ નાયકે "નિત્યાનંદ સેવા સંસ્થા" નામે સેવાકીય પ્રકલ્પ શરૂ કરવાની યોજના બનાવી હતી. આ માટે કોઠીયા ગામ ખાતે જમીન ખરીદવા તથા NA કન્વર્ઝનની પ્રક્રિયા માટે અભિષેક દિક્ષિત અને મનીષ દિક્ષિતનો સંપર્ક કરવામાં આવ્યો



રાકેશ અરવિંદભાઈ નાઈક

હતો. બંને વ્યક્તિઓ અલગ-અલગ ફર્મના નામે કામગીરી કરતા હોવા છતાં સમગ્ર વ્યવહાર તેઓ જ સંભાળતા હતા. નવેમ્બર-ડિસેમ્બર 2025 દરમિયાન રાકેશભાઈએ પોતાના SBI NRI ખાતામાંથી ચેક મારફતે કુલ રૂ.99.02 લાખ ચૂકવ્યા હતા. આ રકમ આરોપીઓના વ્યક્તિગત ખાતામાં જમા થઈ હોવાનું જણાવાયું છે. જમીન ખરીદી, NA અરજી, સ્ટેમ્પ ડ્યુટી કે અન્ય કોઈ સરકારી પ્રક્રિયામાં એકપણ રકમ જમા કરાઈ નહોતી. સમગ્ર સોદો રદ થયા બાદ માત્ર રૂ.5 લાખ પરત અપાયા હતા. આરોપીઓ પૈકી એકે "રકમ વ્યક્તિગત ઉપયોગમાં વાપરી નાખી" હોવાની કબૂલાત કરી હોવાનો પણ દાવો કરાયો છે. રાકેશ નાયકનો આક્ષેપ છે કે NA કન્વર્ઝન માટે કલેક્ટર, મામલતદાર અને રેવન્યુ અધિકારીઓને લાંચ આપવાની છે તેમ કહી વધુ રકમ વસૂલવામાં આવી હતી. TDS અને કેપિટલ ગેઈન ટેક્સના નામે રૂ.65 લાખથી વધુની રકમ વસૂલાઈ હોવા છતાં આવકવેરા વિભાગમાં જમા કરાઈ નહોતી. સાથે જ મનીષ દિક્ષિતે ગામના સરપંચને ફોન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. પોલીસ દ્વારા FIR નોંધવામાં ન આવતા રાકેશ નાયકે વડાપ્રધાન કાર્યાલય, કેન્દ્રીય ગૃહ મંત્રાલય, DGP, પોલીસ કમિશનર, ACB અને માનવ અધિકાર પંચ સહિત 14 સત્તાધીશો સમક્ષ લેખિત રજૂઆત કરી SIT અથવા CBI તપાસની માંગ કરી છે.

# આજવા ચોકડી પાસે જુગાર રમતા 6 શખ્સોને કપુરાઈ પોલીસે ઝડપ્યા

**રોકડ** રકમ, મોબાઇલ ફોન સહિત રૂ.1.03 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

કપુરાઈ પોલીસ સ્ટેશનની ટીમે આજવા ચોકડી નજીક ચાલી રહેલા જુગાર પર દરોડો પાડી જુગાર રમતા છ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત રૂ.1,03,170નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.સી. રાઓલના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે આજવા ચોકડી પાસે આવેલા બંધ ઈન્ડિયન પેટ્રોલપંપ નજીક કેટલાક ઈસમો એકત્ર થઈ જુગાર રમી રહ્યા છે. જેના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર રેડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સ્થળ પરથી પત્તા-પાના વડે જુગાર રમતા 6 ઈસમોને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ નાણાં, મોબાઈલ ફોન અને જુગારના સાધનો મળી કુલ રૂ.1,03,170નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સમગ્ર મામલે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-12 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે આ કાર્યવાહીમાં ભાવેશ નગીનભાઈ લુહાર (રહે. લુહાર ફળિયું, સયાજીપુરા ગામ), રૂષી રાજુભાઈ ભાલીયા (રહે. આશાપુરી સોસાયટી, સયાજીપુરા ગામ), સંદીપભાઈ ભાઈલાલભાઈ વસાવા (રહે. પટેલ ફળિયું, સયાજીપુરા ગામ), અનુરાગ સુરેશભાઈ વસાવા (રહે. લુહાર ફળિયું, સયાજીપુરા ગામ), રાજેન્દ્ર અર્જુનભાઈ વસાવા (રહે. ચોતરાવાળું, સયાજીપુરા ગામ) અને અજયભાઈ ચીમનભાઈ વસાવા (રહે. નળવાળું ફળિયું, સયાજીપુરા ગામ)ને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### તલવાર-ફટકા સાથે ધમકી આપ્યાનો આક્ષેપ

# યાકુતપુરામાં મકાન બાંધકામ મુદ્દે પડોશીઓ વચ્ચે મારામારી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરા શહેરના યાકુતપુરા વિસ્તારમાં નવા મકાનના બાંધકામને લઈને પડોશીઓ વચ્ચે થયેલો વિવાદ મારામારી સુધી પહોંચ્યો હતો. આ મામલે સીટી પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

વડોદરા શહેરના યાકુતપુરા વિસ્તારમાં રહેતા અશરફખાન અનવરખાન પઠાણે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી મોહમદખાન મેહમુદખાન પઠાણ પોતાના જૂના મકાનને તોડી નવું મકાન બનાવી રહ્યા હતા.

બાંધકામ દરમિયાન વધારાની જગ્યા પર ખાડો ખોદાતા ફરિયાદીના ઘરની આગળની જગ્યા સંકુચિત થવા સાથે હવા-ઉજાસ બંધ થતો હોવાનો તેમજ પાડોશીના મકાનનો દરવાજો પણ બંધ થતો હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આ બાબતે આરોપીને ગેરકાયદેસર રીતે ખાડો ન ખોદવા જણાવ્યું હતું. જેના પગલે આરોપી મોહમદખાન ઉશ્કેરાઈ જઈ બોલાચાલી અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. દરમિયાન તેમના દિકરા ફરીદખાન તેમજ ભત્રીજા મોહીબખાન ઉર્ફે ગાંગુલી પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા.

ફરીદખાને ફરિયાદીને થપ્પડ મારી ગડદાપાટુનો માર માર્યો હતો. સાથે જ એક આરોપી ફટકો લઈને અને બીજો તલવાર લઈને આવી ફરિયાદીને "મકાન તો અહિંયા જ બનાવીશું, તમારાથી જે થાય તે કરી લેજો" કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ મામલે સીટી પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

### વડોદરામા ચોરી કરતી મહિલા ગેંગ સક્રિય

# શહેરના માંજલપુરમાં મેડિકલ સ્ટોર સહિત ત્રણ દુકાનોના તાળા તોડ્યા

**દુકાનમાં** લગાવેલા સીસીટીવી કેમેરામાં પાંચ મહિલા ચોર કેદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરા શહેરમાં દિવસેને દિવસે ચોરીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે હવે મહિલા ગેંગ પણ સક્રિય બની છે. આ ગેંગે માંજલપુર વિસ્તારમાં તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલી મેડિકલ સ્ટોર સહિત અન્ય દુકાનોમાં મહિલાઓએ રેકી કરીને ચોરીને અંજામ આપ્યો હતો. સમગ્ર ઘટના CCTVમાં કેદ થતાં પોલીસે ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરમાં ચોરીના બનાવો વધી રહ્યા હોય પોલીસ પેટ્રોલિંગના લીરેલીરા ઉડી રહ્યા છે. માંજલપુરના



તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલી મેડિકલ સ્ટોર, ઓપ્ટિકલ શોપ અને ફૂટવેરની દુકાનમાં અજાણી મહિલાઓએ ચોરીને અંજામ આપ્યો હતો.

સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ સામે આવતા મહિલાઓની મોડસ ઓપરેન્ડી પણ બહાર આવી છે. મહિલા ગેંગ પહેલા દુકાન અને આસપાસની રેકી કરે છે.

બાદમાં એક મહિલા ચાદર પકડીને અન્ય મહિલાઓ શટર ઊંચા કરીને અંદર પ્રવેશી રોકડ રકમની ચોરી કરતી નજરે પડી રહી છે. આ બનાવમાં અંદાજે રૂ.25 હજારથી વધુની રોકડ રકમની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં માંજલપુર પોલીસ સ્થળ પર પહોંચી હતી અને CCTV ફૂટેજના આધારે અજાણી મહિલાઓની ઓળખ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્કૂલ એડમિશન અને ફી ભરવાના કારણો દર્શાવ્યા હતાં

# ગુજસીટોકના આરોપીની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી

**સરકારી** વકીલ રઘુવીર પંડ્યાની દલીલોને પગલે કોર્ટ હુકમ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા આરોપી રાજેશ ઉર્ફે ખન્ના શામળ ઉર્ફે સામંત બારીયાની વચગાળા જામીન અરજી નામદાર કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. આરોપીએ પોતાના તથા મૈયત ભાઈના બાળકોના સ્કૂલ એડમિશન અને ફી ભરવાના કારણો દર્શાવી 20 દિવસના હંગામી જામીન માટે અરજી દાખલ કરી હતી. અમદાવાદ, સુરત અને છોટાઉદેપુર સુધી ફેલાયેલું ગુનાહિત નેટવર્ક તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપીઓએ સંગઠિત ગુનાહિત ટોળકી બનાવી વડોદરા ગ્રામ્ય ઉપરાંત અમદાવાદ, સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં પ્રાણઘાતક હથિયારો વડે હુમલા, ખુનની કોશિશ, ખોટા દસ્તાવેજો તૈયાર કરવા તથા સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરવા જેવા ગંભીર ગુનાઓ આચર્યા હતા. રતનપુરના લિસ્ટ બુટલેગર લાલાજીસવાલ અને રાજેશ બારીયા સહિત પાંચ સામે ગુજસીટોક સહિત વિવિધ ગંભીર કલમો હેઠળ કાર્યવાહી ચાલી રહી છે. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરે કર્યો કડક વિરોધ આ મામલે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડયાએ કોર્ટ સમક્ષ જામીન અરજીનો કડક વિરોધ નોંધાવ્યો હતો. આરોપીઓને જામીન મળવાથી પુરાવા સાથે ચેડાં થવાની તેમજ સાક્ષીઓને પ્રભાવિત કરવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાનમાં રાખી નામદાર કોર્ટ દ્વારા બંને વચગાળા જામીન અરજીઓ નામંજૂર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# MSUમાં NEP-2020 હેઠળ ચોથા વર્ષનો અંડરગ્રેજ્યુએટ કાર્યક્રમ શરૂ

વડોદરા : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 હેઠળ ચોથા વર્ષના અંડરગ્રેજ્યુએટ કાર્યક્રમો શરૂ કરવાનો અંતિમ નિર્ણય લેવાયો છે. જે ડીન અને પ્રિન્સિપાલોની મળેલી બેઠકમાં આ નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો. ચોથા વર્ષના અભ્યાસક્રમ માટે બેચલર્સ ડિગ્રી ઓનર્સ અને બેચલર્સ ડિગ્રી ઓનર્સ વિથ રિસર્ચ એમ બે સમાન નામકરણ નક્કી કરાયા છે.

પ્રથમ છ સેમેસ્ટરમાં કુલ 75 ટકા અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ નિયમોને આધીન રિસર્ચ પસંદ કરી શકશે. ચોથા વર્ષના અંડરગ્રેજ્યુએટ ડિગ્રી માટે કુલ ક્રેડિટની આવશ્યકતા 176 ક્રેડિટ રહેશે. બેકલોગ, એટીકેટી, યુએફએમ કેસ, પરિણામ રોકાયેલ હોય અથવા અન્ય કોઈપણ પ્રકારની અયોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.